જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૮/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૩૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮૨ બીયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૦૮,૭૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૦૦/૨૦૨૫**

ક્રાઇમ બ્રાન્ચઃ સબ્બીરભાઈ ગુલામરસુલ મલેક (ઉ.વ.૫૮) (રહે. ચુડીઓળ પીળી હવેલી સામે ત્રણ દરવાજા કારંજ) એ તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સબ્બીરભાઈ નાઓ એલ.આઈ.સી.નું કામ કરતા હોય સને–૨૦૨૩ માં આરોપી ચિકેશભાઇ કાંતીલાલ શાહ (રહે. નિવીદ એપાર્ટમેન્ટ જેઠાભાઈ પાર્ક બસ સ્ટેન્ડની બાજુમાં પાલડી) નાઓ કાલુપુર રીલીફ રોડ જીવન પ્રકાસ બિલ્ડીંગ ખાતે એલ.આઈ.સી.ઓફિસ બહાર મળેલ અને તેઓ પોતે મોટી ઓળખાણ અને વગ ધરાવતા હોવાની વાતો કરી વિશ્વાસમાં લઈ તા.૧૩/૦૪/૨૦૨૩ થી તા.૦૨/૦૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન સબ્બીરભાઈ મલેક તથા અન્ય સાહેદને એલ.આઇ.સી.માં કાયમી નોકરીના ઓર્ડર અપાવવાનું જણાવી વિશ્વાસ અને ભરોષો આપી તમામ પાસેથી મળી ટુકડે–ટુકડે રોકડ રૂપિયા ૪૮,૫૦,૦૦૦/– મેળવી લઇ આજદિન સુધી કાયમી નોકરીના ઓર્ડર નહી અપાવી તેમજ આપેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૪ પો.સ.ઇ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

ચાંદખેડાઃ પ્રકાશભાઇ અમરતભાઇ મિસ્ત્રી (ઉ.વ.૫૫) (રહે. કલશકુંજ રેસીડેન્સી શ્યામવેલી બંગ્લોઝ સામે મોટેરા ચાંદખેડા) તા.૦૨/૦૮/૨૦૨૫ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે એક્ટીવા ચલાવી અશોક વિહાર સર્કલ નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક સફેદ રંગની કારના ચાલકે સરનામું પુછવાના બહાને પ્રકાશભાઈને ઉભા રાખ્યા હતા દરમ્યાન કારમાં નગ્ન હાલતમાં બેસેલ પુરૂષે પ્રકાશભાઈને કહેલ કે "તમને આશીર્વાદ આપવા છે" તેમ કહી પ્રકાશભાઈના ગળામાં પહેરેલ ડાયમંડ જડીત સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૬૦,૦૦૦/– કાઢી લઈ પરત આપવાનું કહી સોનાની ચેઇન પરત નહી આપી છેતરપીંડી કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રકાશભાઈ મિશ્ત્રીએ તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૧૦૧/૨૦૨૫**

વટવાઃ ચિરાગભાઈ સ/ઓ દશરથલાલ રાણા (રહે. શાંતિનગર–૩ પ્લસ દેવીમાતા મંદીરની બાજુમાં વટવા ગામડી રોડ વટવા) એ તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૨૫ કલાક ૫/૦૦ થી તા.૦૪/૦૮/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૯,૩૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.ઝાલા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૧૦૨/૨૦૨૫**

સેટેલાઈટઃ રૂપીન હેમેન્દ્રકુમાર ગોરધનદાસ (ઉ.વ.૬૪) (રહે. અભિલેખવિલા સોસાયટી આર્યમાન બંગલોઝ પાસે થલતેજ સિલજ રોડ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આંબાવાડી માણેકબાગ શ્યામલ રોડ, સન એવન્યુ વન બિલ્ડીંગ "પ્યોર બીન્સ એન્ડ ક્રીમ્સ કેફે" ખાતે નોકર તરીકે કામ કરતા વિપુલ સ/ઓ વિલાસ પ્રધાન (રહે.મહારાષ્ટ્ર)એ તા.૦૪/૦૮/૨૦૨૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે કેફેના કાઉન્ટર ટેબલના કેશ ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી એન.આર.હળપતિ ચલાવે છે.

પર્સ ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર ચાદી નં.૧૧૦૩/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ દુષ્યંતભાઇ રજનીભાઇ પંડ્યા (રહે. ઠાકોરદ્વારા સોસાયટી લક્ષ્મણનગર પાસે વરાછા સુરત) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૮/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે દુષ્યંતભાઇ પંડ્યા નાઓ તેમની માતા સાથે રીક્ષામા બેસી એસ.જી.હાઇ–વે પકવાન બ્રીજ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રીક્ષાની પાછળથી એક એક્ટીવા જેવા લાગતા ટુ–વ્હીલર ઉપર આવેલ બે પુરૂષ દુષ્યંતભાઇ પંડ્યાના માતાના હાથમાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં મોબાઇલ ફોન કિમત રૂપિયા ૬૦૦૦/– અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૧૦૪/૨૦૨૫**

સરખેજઃ હાજીભાઇ અમનશા દિવાન (ઉ.વ.૬૦) (રહે. રાજીવનગર હુસેની બેકરી સામે મકરબા સરખેજ) નાઓ તા.૦૪/૦૮/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક સોસાયટીની ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મકાનની દિવાલ તેઓના ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૦૫/૨૦૨૫**

માધવપુરાઃ અતનુ સપન મઈતી (ઉ.વ.૨૧) (રહે. દાસભાઇના મકાનમાં જુગલદાસની ચાલી નંબર–૦૩ સીટી સેન્ટર સામે ઇદગાહ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૫ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજુભાઈ ડાહ્યાભાઈ ચલાવે છે.

ઓઢવઃ (૧) ઓઢવ સીંગરવા સત્યમ બંગ્લોઝ પાસે શિવાનંદ હોમ્સ ખાતે રહેતા સંજયભાઇ સદફલભાઇ ગૌશ્વામી (ઉ.વ.૪૫) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા ઓઢવ એસ.પી.રીંગ રોડ સરદાર એસ્ટેટ શેડ નંબર–૩૭ ખાતે શેડના શટરના દરવાજા સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

ઓઢવઃ (૨) ઓઢવ ઈન્દિરા આવાસ યોજના સાત માળિયા ખાતે રહેતા વિષ્ણુભાઈ બાબુભાઈ ચુનારા નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.નકુમ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી